# SoUમાં 600 પ્રવાસીની ક્ષમતા ધરાવતી ક્રૂઝનું લોન્ચિંગ કરાયું

**250** લોકો માટે ડાઇનિંગ, વિશાળ સ્ટેજ તેમજ આકર્ષક ડેકોરેટિવ લાઇટિંગ જેવી સુવિધાઓ

**ક્રૂઝ** પ્રવાસી માટે આકર્ષણનું કેન્દ્ર બની રહેશે

ગાંધીનગરઃ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે પ્રવાસનને વધુ વેગ આપવા માટે નર્મદા નદીમાં 600 પ્રવાસીઓની ક્ષમતા ધરાવતી અત્યાધુનિક ક્રૂઝનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. તમામ જરૂરી સુરક્ષા ધોરણો અને સંબંધિત વિભાગોની પૂર્વ મંજૂરી મળ્યા બાદ ટૂંક સમયમાં આ ક્રૂઝ સેવા પ્રવાસીઓ માટે શરૂ કરવામાં આવશે. નવી ક્રૂઝના ઉમેરાથી સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે વિશ્વસ્તરીય પ્રવાસન સુવિધાઓમાં વધારો થયો છે.



હાલમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે 200 પ્રવાસીની ક્ષમતા ધરાવતી ક્રૂઝ સંચાલિત થઈ રહી છે, જેને દેશ-વિદેશના પ્રવાસીઓ તરફથી સારો પ્રતિસાદ મળ્યો છે. પ્રવાસીઓની સતત વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને વધુ વિશાળ અને આધુનિક ક્રૂઝ લોન્ચ કરવામાં આવી હતી.

નવી ક્રૂઝને માત્ર પ્રવાસન પૂરતી મર્યાદિત રાખવામાં આવી નથી, પરંતુ તેને વિવિધ સામાજિક, સાંસ્કૃતિક અને કોર્પોરેટ કાર્યક્રમોને ધ્યાનમાં રાખીને વિશેષ રીતે તૈયાર કરવામાં આવી છે. આ ક્રૂઝ પર જન્મદિવસની ઉજવણી, લગ્ન પૂર્વ સમારંભો, કોર્પોરેટ ઈવેન્ટ્સ, પ્રોડક્ટ લોન્ચ, સંગીત સંધ્યા, સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ ખાનગી ઉજવણીઓનું આયોજન કરી શકાશે.

નવી ક્રૂઝમાં એકસાથે 600 પ્રવાસીઓની મુસાફરી ક્ષમતા, 250 લોકો માટે ડાઈનિંગ સુવિધા, 30 મીટર લંબાઈ, 12 મીટર પહોળાઈ, 5×4 મીટરનું વિશાળ સ્ટેજ તેમજ આકર્ષક ડેકોરેટિવ લાઈટિંગ જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ખાસ કરીને સાંજ અને રાત્રિના સમયે લાઈટિંગથી ક્રૂઝનું સૌંદર્ય અનેકગણું વધશે. હાલની ક્રૂઝમાં 200 પ્રવાસીઓની ક્ષમતા, 100 લોકો માટે ડાઈનિંગ વ્યવસ્થા, 24 મીટર લંબાઈ, 9 મીટર પહોળાઈ અને 4×3 મીટરનું સ્ટેજ ઉપલબ્ધ છે.સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળ દ્વારા પ્રવાસીઓ માટે આ સુવિધા ઊભી કરવામાં આવી છે.

# LL.B. સેમ.-5ની ATKTની પરીક્ષા વહેલી કરોઃ ઝકી શેખ

**250** ભાવિ વકીલો બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયા દ્વારા લેવાનારી પરીક્ષાથી વંચિત રહી જવાની શક્યતા

**પરીક્ષા** સપ્ટેમ્બરના પ્રથમ સપ્તાહમાં યોજવામાં આવે તેમજ તેનું પરિણામ જાહેર કરવાની પ્રક્રિયા ઝડપી બનાવવામાં આવે

સુરતઃ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા AIBE-XXII પરીક્ષાનાં ફોર્મ ભરવાની પ્રક્રિયા 19 ઓગસ્ટ 2026થી શરૂ થઈ રહી છે અને 29 ઓક્ટોબર 2026 સુધી ચાલશે. AIBE પરીક્ષા આપવા માટે એલએલબીના વિદ્યાર્થીઓ સેમેસ્ટર-1થી 5 સુધી પાસ હોવા જરૂરી છે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા હાલમાં એલએલબી સેમેસ્ટર-5 ATKT પરીક્ષા 28 ઓક્ટોબર 2026થી શરૂ કરવાનું સમયપત્રક જાહેર કરવામાં આવ્યું છે. જેના કારણે 250થી વધુ વિદ્યાર્થીઓ સમયસર પરીક્ષા આપી, મૂલ્યાંકન પૂર્ણ કરાવી અને પરિણામ મેળવી શકશે નહીં. પરિણામે તેઓ AIBE-XXII માટે પરીક્ષા આપવા માટે અરજી કરવાથી વંચિત રહી શકે છે અને તેમનું એક વર્ષ બગડવાની શક્યતા છે.

આ ગંભીર મુદ્દાને ધ્યાનમાં રાખીને બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના મેમ્બર એડવોકેટ ઝકી મુખ્તિયાર શેખ દ્વારા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિને રજૂઆત કરવામાં આવી છે. રજૂઆતમાં માંગ કરવામાં આવી છે કે એલએલબી સેમેસ્ટર-5ની ATKT પરીક્ષા સપ્ટેમ્બર 2026ના પ્રથમ અઠવાડિયામાં યોજવામાં આવે તેમજ તેનું મૂલ્યાંકન અને પરિણામ જાહેર કરવાની પ્રક્રિયા ઝડપી બનાવવામાં આવે, જેથી વિદ્યાર્થીઓ સમયસર AIBE-XXII માટે અરજી કરી શકે અને તેમનું શૈક્ષણિક વર્ષ બગડે નહીં.

# ‘રેગિંગ કરશો તો આવી બનશે’ VNSGUની કોલેજોને કડક સૂચના

**નવા** સત્ર પહેલાં જ રેગિંગ સામે યુનિ.નો કડક એક્શન પ્લાન, 12થી તમામ કોલેજોમાં વિશેષ અભિયાન

### રેગિંગ કરતાં પકડાયા તો સસ્પેન્શન, રસ્ટિકેશન, સ્કોલરશિપ રદ સુધીની કાર્યવાહી થશે

બેઠકમાં યુજીસીના નિયમો મુજબ રેગિંગને ગંભીર શિસ્તભંગ ગણાવી સસ્પેન્શન, રસ્ટિકેશન, સ્કોલરશિપ અથવા અન્ય સુવિધાઓ રદ કરવા સહિતની કડક કાર્યવાહીનો પુનરોચ્ચાર કરવામાં આવ્યો હતો. યુનિવર્સિટીએ સ્પષ્ટ કર્યું છે કે રેગિંગમુક્ત અને વિદ્યાર્થીમૈત્રી કેમ્પસ જાળવવા યુજીસીની તમામ માર્ગદર્શિકાનો કડક અમલ કરવામાં આવશે.

### કોલેજો માટે યુજીસીની મુખ્ય સૂચનાઓ

» 12 ઓગસ્ટે એન્ટી રેગિંગ ડે અને 12થી 18 ઓગસ્ટ સુધી એન્ટી રેગિંગ સપ્તાહની ઉજવણી. » નવા વિદ્યાર્થીઓ માટે ફરજિયાત ઓરિએન્ટેશન અને ઓનલાઇન અન્ડરટેકિંગ. » એન્ટી રેગિંગ કમિટી, સ્ક્વોડ અને મોનિટરિંગ સેલ સક્રિય રાખવા. » કેમ્પસ અને હોસ્ટેલમાં ઝીરો ટોલરન્સ નીતિનો અમલ. » હેલ્પલાઇન, ઓનલાઇન ફરિયાદ વ્યવસ્થા અને જાગૃતિ કાર્યક્રમો ફરજિયાત. » એન્ટી રેગિંગ સપ્તાહનો અહેવાલ યુનિવર્સિટી અને યુજીસીને મોકલવો.

સુરતઃ નવા શૈક્ષણિક સત્ર પહેલાં જ વીર નર્મદ યુનિવર્સિટીએ રેગિંગ સામે ઝીરો ટોલરન્સની નીતિ સાથે તમામ સંલગ્ન કોલેજો અને વિભાગો માટે કડક એક્શન પ્લાન જાહેર કર્યો છે. યુજીસીની માર્ગદર્શિકા મુજબ 12 ઓગસ્ટે ‘એન્ટી રેગિંગ ડે’તથા 12થી 18 ઓગસ્ટ દરમિયાન ‘એન્ટી રેગિંગ સપ્તાહ’ની ઉજવણી કરવામાં આવશે.

આ અંગે મંગળવારે વહીવટી ભવન ખાતે એન્ટી રેગિંગ સેલની બેઠક કુલપતિ ડો. કે. એન. ચાવડા અને કુલસચિવ ડો. આર. સી. ગઢવીની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. બેઠકમાં તમામ સંલગ્ન કોલેજોના આચાર્યો, વિભાગીય વડાઓ તેમજ એન્ટી રેગિંગ કમિટી, સ્ક્વોડ અને મોનિટરિંગ સેલના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. કુલસચિવ ડો. આર. સી. ગઢવીએ જણાવ્યું હતું કે એન્ટી રેગિંગ વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવા એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. દરેક ફરિયાદ પર પારદર્શક કાર્યવાહી થશે.

# 21 દિવસથી ગુમ અમદાવાદની કિશોરી કીમથી મળી આવી

**માતાના** મારથી ત્રાસી ઘર છોડી ભાગી આવી હતી, સુરત GRPની સતર્કતાથી અમદાવાદ પોલીસને સોંપાઈ

સુરતઃ અમદાવાદ શહેરના મેઘાણીનગર વિસ્તારમાંથી 21 દિવસ પહેલાં ગુમ થયેલી 16 વર્ષીય કિશોરી સુરતના કીમ રેલવે સ્ટેશન પર મળી આવી છે.

પોલીસ સૂત્રોના અનુસાર, સુરત રેલવે પોલીસની ‘શી ટીમ’ તપાસમાં હતી ત્યારે કોસંબા આઉટ પોસ્ટ તરફથી ખબર મળી કે કીમ રેલવે સ્ટેશન પર એક કિશોરી એકલી મળી છે. ખબર મળતાં જ સુરત રેલવે પોલીસ સ્ટેશને તેને લાવીને ચાઇલ્ડ કોર્નરમાં સલામત રાખીને મહિલા પોલીસ કર્મીઓએ તેની પૂછપરછ કરી હતી.

પૂછપરછમાં કિશોરીએ પહેલાં પોતાનું નામ બદલીને કહ્યું, પરંતુ વિશ્વાસમાં લેતાં તેણે કહ્યું કે તે અમદાવાદની રહેવાસી છે. તેણે જણાવ્યું કે તેની માતા ઘરના કામને લઈને ઘણીવાર મારપીટ કરે છે, જેના કારણે ત્રાસીને તે 13 જુલાઈ 2026ના રોજ ઘર છોડીને નીકળી ગઈ હતી.

સુરત GRPએ તુરંત અમદાવાદના મેઘાણીનગર પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો. તપાસમાં માલૂમ પડ્યું કે કિશોરીના ગુમ થયાના કેસમાં 21 જુલાઈ 2026ના રોજ તેના અપહરણનો કેસ ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ 137(2) હેઠળ નોંધાયેલો છે. ત્યારબાદ મેઘાણીનગર પોલીસની ટીમ સુરત પહોંચી અને જરૂરી દસ્તાવેજો અને ઓળખની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ કિશોરીને સોંપવામાં આવી હતી. સુરત GRPએ દાખવેલી સંતર્કતાથી ગુમ થયેલી કિશોરીને અમદાવાદ પોલીસને સોંપવામાં આવી હતી.

### ઉકાઇ ડેમમાં એક મહિનામાં 25.39 ફૂટનો નોંધપાત્ર વધારો

# ઉકાઈ ડેમમાં પાણીની સતત આવકથી સપાટી રૂલ લેવલ નજીક પહોંચી

**31,948** ક્યૂસેક આવક સામે 17,528 ક્યુસેક પાણી છોડાઇ રહ્યું છે, સપાટી 333.98 ફૂટ, રૂલ લેવલથી માત્ર 1.02 ફૂટ દૂર, હાલ ઉપરવાસમાં વરસાદનું જોર ઘટ્યું છતાં પાણીની આવક

સુરતઃ ઉપરવાસમાં વરસાદનું જોર હાલમાં ઘટ્યું હોવા છતાં ઉકાઈ ડેમમાં પાણીની આવક યથાવત્ રહેતા ડેમની જળસપાટીમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. મંગળવારે સાંજે ડેમની સપાટી 333.98 ફૂટ પર પહોંચી હતી, જે રૂલ લેવલ 335 ફૂટથી માત્ર 1.02 ફૂટ ઓછી છે. હાલ ડેમમાં 31,948 ક્યૂસેક પાણીની આવક સામે 17,528 ક્યૂસેક પાણી છોડવામાં આવી રહ્યું છે.

ડેમમાંથી હાલમાં ત્રણ હાઈડ્રો પાવર યુનિટ અને એક કેનાલ કાર્યરત છે. પાણીની આવક અને જળસંચયને ધ્યાનમાં રાખીને ડેમનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. અધિકારીઓના જણાવ્યા મુજબ હાલ ડેમને રૂલ લેવલ એટલે કે 335 ફૂટ સુધી ભરવાની પ્રક્રિયા ચાલુ રહેશે. ચાલુ ચોમાસાની સિઝનની શરૂઆતમાં, 4 જુલાઈએ ઉકાઈ ડેમની સપાટી 308.59 ફૂટ હતી. તે સમયે ઉપરવાસમાંથી પાણીની આવક શરૂ થતાં પ્રથમ તબક્કામાં ડેમની સપાટી વધીને અંદાજે 316 ફૂટ સુધી પહોંચી હતી. ત્યારબાદ બીજા વરસાદી તબક્કામાં પાણીની આવકમાં વધારો થતાં છેલ્લા એક અઠવાડિયામાં જ ડેમની સપાટી ઝડપથી વધીને આજે 333.98 ફૂટ સુધી પહોંચી ગઈ છે.

આંકડાઓ મુજબ પ્રથમ વરસાદી સ્પેલમાં ડેમની સપાટીમાં 7.44 ફૂટનો વધારો નોંધાયો હતો, જ્યારે બીજા સ્પેલમાં 15.18 ફૂટનો વધારો થયો છે. આમ, સિઝનની શરૂઆતથી અત્યાર સુધીમાં ઉકાઈ ડેમની સપાટીમાં કુલ 25.39 ફૂટનો નોંધપાત્ર વધારો નોંધાયો છે.

ઉપરવાસમાં વરસાદનું પ્રમાણ ઘટ્યું હોવા છતાં તાપી નદીના કેચમેન્ટ વિસ્તારમાંથી મળતી પાણીની આવકને ધ્યાનમાં રાખીને ડેમના સંચાલન પર સતત નજર રાખવામાં આવી રહી છે. હાલ આવક કરતાં ઓછી માત્રામાં પાણી છોડવામાં આવી રહ્યું હોવાથી ડેમમાં જળસંચય વધતો રહ્યો છે. આગામી દિવસોમાં ઉપરવાસમાં વરસાદની સ્થિતિ અનુસાર પાણી છોડવાની માત્રામાં ફેરફાર થઈ શકે છે.

# પાસપોર્ટ વેરિફિકેશન માટે હવે પોલીસ સ્ટેશનના ધક્કા નહીં

**અરજદારને** પોલીસ સ્ટેશન ન બોલાવવા ડીજીપીનો આદેશ, અપવાદરૂપ કિસ્સા સિવાય ઘર મુલાકાત પણ નહીં

ગાંધીનગરઃ પાસપોર્ટ મેળવવા માટે પોલીસ વેરિફિકેશન દરમિયાન નાગરિકોને થતી અગવડતા દૂર કરવા ગુજરાત પોલીસ દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યના પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિકે તમામ પોલીસ સ્ટેશનોને સૂચના આપી છે કે હવે પાસપોર્ટ વેરિફિકેશન માટે અરજદારોને પોલીસ સ્ટેશન પર રૂબરૂ બોલાવવામાં આવશે નહીં. નવી વ્યવસ્થા હેઠળ માત્ર અરજદારની નાગરિકતા અને ગુનાહિત પૂર્વ ઈતિહાસની ચકાસણી કરવામાં આવશે, જ્યારે સરનામાની અલગથી તપાસ કે અરજદારની રૂબરૂ હાજરી જરૂરી રહેશે નહીં.

રાજ્ય પોલીસ વડા દ્વારા તમામ પોલીસ અધિકારીઓને આ નવી પ્રક્રિયાનું કડકપણે પાલન કરવા નિર્દેશ આપવામાં આવ્યો છે. આ નિર્ણયનો મુખ્ય હેતુ પાસપોર્ટ વેરિફિકેશન પ્રક્રિયાને વધુ સરળ, પારદર્શક અને નાગરિકમૈત્રી બનાવવાનો છે, જેથી અરજદારોને બિનજરૂરી ધક્કા ન ખાવા પડે. નવી માર્ગદર્શિકા મુજબ પોલીસ વેરિફિકેશન દરમિયાન અરજદારના સરનામાની અલગથી ચકાસણી કરવાની જરૂર રહેશે નહીં. ઉપરાંત અરજદારને પોલીસ સ્ટેશનમાં હાજર રહી સહી કરાવવાની કે રૂબરૂ મળવાની પણ આવશ્યકતા રહેશે નહીં. માત્ર એવા અપવાદરૂપ સંજોગોમાં, જ્યાં કોઈ શંકાસ્પદ બાબત જણાય અથવા વધારાની ખરાઈ કરવાની જરૂરિયાત ઉભી થાય, ત્યારે જ પોલીસ અરજદારના રહેઠાણે જઈ તપાસ કરી શકશે. આવા કિસ્સામાં પણ અરજદારને પોલીસ સ્ટેશન બોલાવવામાં આવશે નહીં.

# સુરતમાં ડિજિટલ ક્રોપ સરવે માટે સર્વેયરોની ભરતી શરૂ

સુરતઃ કેન્દ્ર સરકારના એગ્રીસ્ટેક પ્રોજેક્ટ હેઠળ ખરીફ ઋતુમાં પાકના વાસ્તવિક અને રિયલ-ટાઈમ ડેટા એકત્ર કરવા માટે સુરત જિલ્લામાં ડિજિટલ ક્રોપ સરવે હાથ ધરવામાં આવનાર છે. આ સરવે 16 ઓગસ્ટથી 30 સપ્ટેમ્બર સુધી ચાલશે. પસંદ થયેલા સર્વેયરો ગામના ખેતીલાયક સર્વે નંબરો પર જઈ મોબાઈલ એપ્લિકેશન મારફતે વાવેતર થયેલા પાકની વિગતો ઓનલાઈન નોંધશે. આ અભિયાનનો મુખ્ય હેતુ કૃષિ આયોજનને વધુ અસરકારક બનાવવાનો છે. સરવે કામગીરી માટે ગ્રામ્ય કક્ષાના VLE, VCE, ફાર્મર ફ્રેન્ડ ઉપરાંત મોબાઈલનો ઉપયોગ સારી રીતે જાણતા કોઈપણ વ્યક્તિ અરજી કરી શકે છે. ખેતી વિભાગના જણાવ્યા મુજબ, ગામના દરેક ખેતીલાયક સરવે નંબરની ડેટા એન્ટ્રી બદલ પ્રતિ પાક રૂ.૧૦નું મહેનતાણું ચૂકવવામાં આવશે, જ્યારે એકથી વધુ પાકની એન્ટ્રી માટે મહત્તમ રૂ.૧૨ સુધીની ચૂકવણી કરવામાં આવશે.

# સુરત જિલ્લા રાહત પેકેજઃ ઓનલાઈન પોર્ટલ પર ૩,૮૫૭ અરજી નોંધાઈ

**અરજદારો** પોતાની અરજીનું સ્ટેટસ પોર્ટલ પર લોગ ઇન કરીને જોઈ શકે છે

સુરતઃ સુરત કલેક્ટર તેજસ પરમારના માર્ગદર્શન તળે વરસાદ તેમજ પૂર અસરગ્રસ્તો ઘરે બેઠા સરળતાથી ઓનલાઈન અરજી કરી શકે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ‘સુરત જિલ્લા રાહત પેકેજ’ (SDRP-Surat District Relief Package) ઓનલાઈન પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે. આ પોર્ટલ પર શહેરી વિસ્તારમાંથી ૩,૬૭૯ તથા ગ્રામ્ય વિસ્તારમાંથી ૧૭૮ અરજી મળી અત્યાર સુધીમાં કુલ ૩,૮૫૭ અરજી નોંધાઈ છે. લારી/રેંકડી/કેબિન/નાની-મોટી દુકાન એમ કુલ-૭ પ્રકાર મુજબ અલગ અલગ સહાય જાહેર કરવામાં આવી છે.

સૌથી વધુ અરજીઓ ઈસ્ટ ઝોન-એ (વરાછા) વિસ્તારમાંથી ૧૨૫૧ મળી છે, ત્યારબાદ સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)માંથી ૮૦૩, ઈસ્ટ ઝોન-બી (સરથાણા)માંથી ૭૦૬, સાઉથ ઝોન-એ (ઉધના)માંથી ૪૪૯, નોર્થ ઝોન (કતારગામ)માંથી ૧૯૯, સાઉથ વેસ્ટ ઝોન (અઠવા)માંથી ૧૦૧, સેન્ટ્રલ ઝોનમાંથી ૧૦૯, સાઉથ ઝોન-બી (કનકપુર)માંથી ૫૮ અને વેસ્ટ ઝોન (રાંદેર)માંથી ૩ અરજીઓ મળી છે.

જેની સ્થળ વિઝીટ અને સરવેની કામગીરી પ્રગતિ હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા મુજબ જોઈએ તો, સૌથી વધુ ૧૨૬ અરજીઓ ચોર્યાસી તાલુકામાંથી મળી છે, ત્યારબાદ કામરેજ તાલુકામાંથી ૩૮, પલસાણા તાલુકામાંથી ૮, ઓલપાડ તાલુકામાંથી ૩ તથા બારડોલી, માંગરોળ અને માંડવી તાલુકામાંથી ૧-૧ અરજી મળી છે. આ પોર્ટલ પર મળેલી તમામ અરજીઓ સામે હવે સંબંધિત વ્યવસાયના સ્થળ પર સરવેયર દ્વારા રૂબરૂ ચકાસણીની કામગીરી શરૂ કરવામાં આવી છે.

કલેક્ટર તેજસ પરમારે જણાવ્યું હતું કે, સરવેયર દ્વારા સ્થળ ચકાસણી પૂર્ણ થયા બાદ સંબંધિત કમિટી દ્વારા અરજી અંગે નિર્ણય લઈ સહાય ચૂકવણીની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. અરજદારો પોતાની અરજીનું સ્ટેટસ પોર્ટલ પર login કરીને જોઈ શકે છે. ઉચ્ચક રોકડ સહાય (કેટેગરી ૧થી ૪) માટે અરજી કરવાની અંતિમ તારીખ ૩૦/૦૯ છે, જ્યારે વ્યાજ સહાય માટે ઠરાવ તારીખથી ૬ મહિના સુધીમાં અરજી કરી શકાશે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા બાકી રહેલા અસરગ્રસ્તોને પણ સમયમર્યાદામાં પોર્ટલ પર અરજી કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

# 9 ઓગસ્ટે બે સરકારી ભરતી પરીક્ષાઓ એક જ દિવસે!

**સુરત** મહાનગરપાલિકા અને ગુજરાત લોક સેવા આયોગની પરીક્ષાની તારીખ એક જ જાહેર થતાં સમય બદલવાની વિદ્યાર્થીઓની માંગ

સુરતઃ સરકારી નોકરીની તૈયારી કરતા હજારો ઉમેદવારો માટે 9 ઓગસ્ટનો દિવસ મૂંઝવણભર્યો બન્યો છે. સુરત મહાનગરપાલિકા દ્વારા યોજાનારી ભરતી પરીક્ષા અને ગુજરાત લોક સેવા આયોગ દ્વારા લેવાતી બીજી ભરતી પરીક્ષા બંને 9 ઓગસ્ટના રોજ યોજાવાની જાહેરાત કરવામાં આવી છે. પરિણામે બંને પરીક્ષાઓમાં અરજી કરનારા ઉમેદવારો ચિંતામાં મુકાયા છે.

ઉમેદવારોનું કહેવું છે કે બંને પરીક્ષા એક જ દિવસે હોવાથી તેઓ બંનેમાં હાજરી આપી શકશે નહીં. સરકારી ભરતી માટે લાંબા સમયથી તૈયારી કરી રહેલા અનેક વિદ્યાર્થીઓએ બંને પરીક્ષાઓ માટે અરજી કરી છે. હવે એક જ દિવસે પરીક્ષા યોજાવાથી તેમને કોઈ એક પરીક્ષા છોડવાની ફરજ પડી શકે છે, જેના કારણે તેમની મહેનત અને ભવિષ્ય પર અસર થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે. વિદ્યાર્થીઓએ જણાવ્યું છે કે ભરતી પ્રક્રિયામાં પારદર્શિતા અને ઉમેદવારોને સમાન તક મળે તે માટે પરીક્ષાની તારીખો નક્કી કરતી વખતે અન્ય ભરતી સંસ્થાઓના પરીક્ષા કાર્યક્રમનો પણ વિચાર કરવો જોઈએ. એક જ દિવસે બે મહત્ત્વની સરકારી ભરતી પરીક્ષાઓ યોજાવાથી મોટી સંખ્યામાં ઉમેદવારોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ઉમેદવારો દ્વારા સુરત મહાનગરપાલિકા અથવા ગુજરાત લોક સેવા આયોગ પૈકી કોઈ એક સંસ્થાએ પરીક્ષાની તારીખ અથવા સમય બદલવાનો નિર્ણય લેવાની માંગ કરવામાં આવી છે.

# પ્લેનની જેમ ટ્રેનમાં પણ એક્સ્ટ્રા લગેજનો ચાર્જ ચૂકવવો પડશે

**પાર્સલ** ઓફિસના ધક્કામાંથી મુક્તિ, ઘરે બેઠા ટ્રેનના વધારાના સામાનનું ઓનલાઈન બુકિંગ કરી શકાશે

**સુરત** રેલવે સ્ટેશને 31 જુલાઈથી નવી સુવિધા શરૂઃ સ્ટેશને સામાનનું વેરિફિકેશન કરાવવું અનિવાર્ય

### ક્લાસ મુજબ ફ્રી અને એક્સ્ટ્રા લગેજની મર્યાદા

રેલવેના નિયમો અનુસાર મુસાફરીના ક્લાસ મુજબ ફ્રી સામાન અને વધારાના સામાનની મહત્તમ મર્યાદા નક્કી કરવામાં આવી છે. સેકન્ડ ક્લાસ જનરલમાં 35 કિલો ફ્રી સામાન લઈ જઈ શકાશે, જ્યારે એક્સ્ટ્રા લગેજ સાથે મહત્તમ 70 કિલો સુધીની મર્યાદા રહેશે. સ્લીપર ક્લાસમાં 40 કિલો સામાન ફ્રી રહેશે, જ્યારે વધારાના 40 કિલો સાથે કુલ 80 કિલો સુધી સામાન લઈ જઈ શકાશે. સેકન્ડ ACમાં 50 કિલો ફ્રી સામાનની છૂટ મળશે અને વધુમાં વધુ 100 કિલો સામાન સાથે રાખી શકાશે. ફર્સ્ટ ACમાં 70 કિલો સામાન ફ્રી રહેશે અને મહત્તમ 150 કિલો સુધીની છૂટ આપવામાં આવશે. વધારાના સામાન પર નિયમિત દર કરતાં દોઢ ગણો ચાર્જ લેવાશે. હાલમાં જૂના ભાવપત્રક મુજબ જ ચાર્જ રાખવામાં આવ્યો છે, જેમાં 10 કિલોના સ્લેબમાં ભાડું ગણવામાં આવશે.

### નિયમભંગ પર 6 ગણો દંડ અને અમલીકરણ સામેના સવાલો

જો કોઈ મુસાફર ઓનલાઇન બુકિંગ કરાવ્યા વિના મર્યાદા કરતાં વધુ સામાન સાથે પકડાશે, તો તેની પાસેથી સામાન્ય ભાડા કરતાં 6 ગણો દંડ વસૂલ કરવામાં આવી શકે છે. સુરત સ્ટેશને આ સુવિધા 31 જુલાઈથી કાર્યરત થઈ ગઈ છે, પરંતુ હજુ સુધી પર્સનલ લગેજના બુકિંગ નહિવત પ્રમાણમાં મળ્યા છે. રેલવેનો આ ડિજિટલ પ્રયાસ સારો છે, પરંતુ સ્ટેશન પર વજન ચેકિંગ માટે હજુ પણ તંત્ર ટીટી (TTE) પર નિર્ભર હોવાથી આ નવી વ્યવસ્થાની વ્યવહારુ સફળતા સામે શંકા સેવાઈ રહી છે.

સુરતઃ હવાઈ મુસાફરીની જેમ હવે ભારતીય રેલવેમાં પણ નિયત મર્યાદા કરતાં વધુ સામાન લઈ જવા માટે ઓનલાઈન બુકિંગ કરાવવું પડશે. રેલવે તંત્ર દ્વારા મુસાફરોની સુવિધા માટે 31 જુલાઈથી ‘ઓનલાઈન લગેજ બુકિંગ સર્વિસ’ શરૂ કરવામાં આવી છે.

આ નવી વ્યવસ્થા હેઠળ હવે સુરત સહિત દેશભરના રેલવે મુસાફરોએ સ્ટેશનના પાર્સલ કાઉન્ટર પર કલાકો સુધી લાઈનમાં ઊભા રહેવાની કે ધક્કા ખાવાની જરૂર રહેશે નહીં. મુસાફરો પોતાની કન્ફર્મ ટિકિટ પર ઘરે બેઠા જ વધારાના પર્સનલ સામાનનું ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે.

ઓનલાઈન બુકિંગ માટે મુસાફરોએ રેલવેની સત્તાવાર વેબસાઈટ www.parcel.indianrail.gov.in પર જવાનું રહેશે. ત્યાં ટ્રેન નંબર અને પેસેન્જરનો PNR નંબર સહિતની જરૂરી વિગતો ભરવાની રહેશે. વિગતો દાખલ કર્યા બાદ સિસ્ટમ દ્વારા અંદાજિત ભાડું દર્શાવવામાં આવશે. જોકે, ઓનલાઈન બુકિંગ કરાવ્યા બાદ પણ મુસાફરોએ ટ્રેનમાં ચઢતા પહેલાં સ્ટેશન પર પહોંચીને પોતાના સામાનનું ભૌતિક વેરિફિકેશન કરાવવું પડશે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### સુરતમાં ટ્રાફિક...

ટ્રાફિક સિગ્નલો છે પરંતુ ત્યાં બેરિકેડ મારી દેવામાં આવ્યા છે. જો બેરિકેડ જ મારવાના હોય અને વાહનોને ચકરાવે જ ચડાવવાના હોય તો પછી ટ્રાફિક સિગ્નલો લગાડો છો જ શું કામ? સુરતીઓને ધ્યાને જ હશે કે પાલ ઉમરા બ્રિજ પર પાલ તરફ ઉતરવામાં આવે તો તેમને આગળ સુધીનો ચકરાવો મરાવવામાં આવે છે. આ સર્કલ પર ટ્રાફિક સિગ્નલો મૂકવામાં આવ્યા છે પરંતુ પોલીસને ઉભા જ રહેવું નથી અને ટ્રાફિક નિયમન કરવું જ નથી. એટલે બેરિકેડ મારી દેવામાં આવ્યા છે. આજ સ્થિતિ કેબલ સ્ટેઈડ બ્રિજ ઉતરતાંની છે.

સિટીલાઈટમાં પણ આજ હાલત છે. સિટીલાઈટ રોડના અણુવ્રતદ્વાર ખાતે વેસુ, શ્યામ મંદિર તરફથી આવવામાં આવે તો પોલીસે બેરિકેડ મારી દીધા હોવાથી મોટો ચકરાવો મારવો પડે છે. જોવા જેવું છે કે વાહનો ગોળ ફરીને આવે છે છતાં પણ આ સર્કલ પર સિગ્નલ લાઈટો છે જ. સિગ્નલ લાઈટોનો અમલ કરવો નથી અને બેરિકેડ જ મારવા છે. આજ હાલત કોટ વિસ્તારમાં નવસારી બજારની પણ છે. નવસારી બજારથી કોટસફિલ રોડ તરફ જઈ જ શકાતું નથી. વાહનચાલકે છેક સગરામપુરા પોલીસ ચોકી સુધી જઈને ફરીને કોટસફિલ રોડ પર આવવું પડે છે. કોટવિસ્તાર કે જ્યાં વાહનોની અવરજવર લિમિટેડ છે છતાં સિગ્લન લાઈટોનો અમલ કરાવવામાં પોલીસને ભારે જોર પડે છે. અઠવાગેટ પર પણ એવી જ હાલત છે. પાલ ગૌરવપથ પર તો ખૂબ ખરાબ હાલત છે. આખો ટ્રાફિક સીધો આવે અને એટલું મોટું બાગબાન સર્કલ છે કે પહેલી લાઈનમાં વાહન ચલાવનારે આગળ વધવા માટે ફરજિયાત બીજી લાઈનમાં થઈને જવું પડે છે.

સારોલી કેનાલ રોડ, ઉધના મગદલ્લા રોડ પર એસડી જૈન સ્કૂલ પાસેથી શરૂ કરીને શહેરના દરેક ખૂણે એવી જ હાલત છે. સુરતીઓ સિગ્નલ પાળતાં થઈ ગયા છે તો મનપા કે પોલીસને સિગ્લનો ચાલુ રાખવાની કે પછી ટ્રાફિક પળાવવા માટેની સ્હેજેય પડી નથી. ટ્રાફીક પોલીસ કે પછી ટ્રાફિક બ્રિગેડના જવાનો તો એટલા નફ્ફટ છે કે બેરિકેડ લગાડીને સીધા મોબાઈલ પર લાગી જાય છે. ટ્રાફિકનું જે થવું હોય તે થાય... દર મહિને ટ્રાફિક સેફ્ટીની મીટિંગો થાય છે પરંતુ અધિકારીઓ નાસ્તા-પાણી અને વાતોના વડા કરીને છૂટા પડી જાય છે અને સુરતીઓ હેરાન જ થતાં રહે છે. વાત સુરતને સ્માર્ટ સિટી બનાવવાની કરાય છે અને તંત્રને સ્માર્ટનેસથી કામ કરવાની સ્હેજેય પડી નથી.

### કેનેડા-આફ્રિકામાં...

મારફતે લેવાની બાબતે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો હતો. આ ચુકાદામાં હાઈકોર્ટે નોંધ્યું હતું કે, “ટેક્નોલોજી ન્યાયની દાસી બનવી જોઈએ, રસ્તાનો પથ્થર નહીં. તે સહેલી, સચોટ અને પક્ષકારો માટે સુલભ હોવી જોઈએ.” આ નિર્ણયને કારણે વિદેશમાં રહેતા પક્ષકારોને ભારત આવી કોર્ટ કાર્યવાહી માટે હાજર રહેવાની મુશ્કેલીમાંથી રાહત મળી રહી છે અને ન્યાયિક પ્રક્રિયામાં ટેક્નોલોજીના વધતા ઉપયોગને પણ પ્રોત્સાહન મળી રહ્યું છે.

### મોબાઈલ બંધ...

મુજબ, અંકિત છેલ્લા કેટલાક સમયથી મોબાઈલમાં ઓનલાઈન ગેમ રમવામાં ખૂબ જ વ્યસ્ત રહેતો હતો. શાળાથી ઘરે આવ્યા બાદ તેનો મોટાભાગનો સમય મોબાઈલ પર જ પસાર થતો હતો. ધીમે-ધીમે તેની આદત વ્યસનનું સ્વરૂપ ધારણ કરી રહી હતી. પરિવારના સભ્યો તેને વારંવાર સમજાવતા હતા, પરંતુ તે મોબાઈલ છોડવા તૈયાર થતો ન હતો. સાથે જ તેનો સ્વભાવ પણ થોડો ગુસ્સાવાળો હોવાનું સામે આવ્યું છે.

સોમવારે સાંજે પણ અંકિત સતત મોબાઈલમાં ગેમ રમવામાં વ્યસ્ત હતો. ત્યારે માતા-પિતાએ તેને મોબાઈલ બાજુ પર મૂકી પહેલા શાળાનું હોમવર્ક પૂર્ણ કરવાની સલાહ આપી હતી. આ વાતથી તે નારાજ થઈ ગયો અને કોઈ સાથે વાત કર્યા વગર પોતાના રૂમમાં જતો રહ્યો. થોડા સમય બાદ પરિવારજનો તેને બોલાવવા ગયા ત્યારે રૂમનું દશ્ય જોઈ તેમના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. અંકિતે પંખા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ લીધો હતો. પરિવારજનોએ તરત જ તેને નીચે ઉતારી સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડ્યો હતો, પરંતુ ફરજ પરના તબીબોએ તપાસ બાદ તેને મૃત જાહેર કર્યો હતો. ઘટનાની જાણ થતાં ચોકબજાર પોલીસ હોસ્પિટલ પહોંચી હતી અને અકસ્માતે મોતનો ગુનો નોંધી સમગ્ર મામલે વધુ તપાસ શરૂ કરી છે.

### સુરતમાં...

પડતાં ગરમીનો અહેસાસ વધુ થયો હતો. હવામાન નિષ્ણાતોના અનુમાન મુજબ, આગામી 12 ઓગસ્ટ સુધી સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની કોઈ ખાસ સંભાવના નથી. ત્યારબાદ બંગાળની ખાડી અથવા અરબી સમુદ્રમાં સર્જાઈ શકે તેવી નવી હવામાન પ્રણાલીની અસરથી રાજ્યના કેટલાક વિસ્તારોમાં તેમજ સુરત શહેરમાં વરસાદી માહોલ ફરી સક્રિય બનવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. વધતા તાપમાન અને ભેજના કારણે બપોરના સમયે ગરમી અને બફારાથી લોકો પરેશાન જોવા મળી રહ્યા હતા.

### નવા જ...

વાહનવ્યવહાર બંધ કરાયો હતો. ત્યારબાદ જેસીબી સહિતની મશીનરી ઘટનાસ્થળે પહોંચાડીને ભૂવો પૂરવાની અને રસ્તાના સમારકામની કામગીરી કરવામાં આવી હતી.

નવો જ બનેલો રસ્તો આ રીતે ધસી પડતાં તંત્ર અને કોન્ટ્રાક્ટરની કામગીરી સામે સ્થાનિકોનો રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોના આક્ષેપ મુજબ, આ રસ્તો થોડા સમય પહેલાં જ બનાવવામાં આવ્યો હતો અને તેની નીચેથી ડ્રેનેજ લાઈન પસાર થઈ રહી છે. કોન્ટ્રાક્ટર દ્વારા રસ્તાની નબળી ગુણવત્તાવાળી કામગીરી અને ઘોર બેદરકારીના કારણે જ આ રોડ ધસી પડ્યો છે. શહેરમાં વારંવાર રસ્તાઓ ધસી પડવાની ઘટનાઓ બનતી હોવા છતાં તેને અટકાવવામાં તંત્ર તદ્દન નિષ્ફળ રહ્યું છે. માત્ર ઉપરછલ્લા સમારકામથી કાયમી ઉકેલ આવશે કે કેમ તે અંગે લોકો શંકા વ્યક્ત કરી રહ્યા છે. મનપાના ગુણવત્તા નિયંત્રણ (ક્વોલિટી કંટ્રોલ) સામે ગંભીર સવાલો ઉઠાવતા સ્થાનિકોએ માંગ કરી છે કે જો રોડ નિર્માણ સમયે કડક નિરીક્ષણ રખાયું હોત તો આવી સ્થિતિ ન સર્જાત.

### ધારાસભ્યની ઓફિસમાં...

એકતરફી નિર્ણયો લેવાનો ગંભીર આક્ષેપ કર્યો હતો.

આક્ષેપો બાદ બંને નેતાઓ વચ્ચે તીખી બોલાચાલી થઈ હતી અને જોતજોતામાં વાત હાથાપાઈ સુધી પહોંચી ગઈ હતી. આખરે ધારાસભ્ય કાંતિભાઈ બલર અને ઉપસ્થિત અન્ય કોર્પોરેટરોએ વચ્ચે પડીને મામલો શાંત પાડ્યો હતો. રાજકીય ગલિયારામાં ચાલી રહેલી ચર્ચાઓ મુજબ, આ ઝપાઝપી દરમિયાન એક વ્યક્તિની આંગળીમાં ફ્રેક્ચર પણ થયું છે, જોકે આ વાતની કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી. ઉલ્લેખનીય છે કે, વિરોધ પક્ષને ઘેરવામાં હંમેશાં આક્રમક રહેતા ભાજપના નેતાઓ હવે પોતાના જ સાથીઓ સામે મેદાનમાં ઉતરી પડતાં શહેરના રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે. સ્થાનિકો અને રાજકીય વિશ્લેષકો વ્યંગમાં કહી રહ્યા છે કે, ‘હવે વિરોધ પક્ષને મહેનત કરવાની જરૂર જ ક્યાં રહી? ભાજપના નેતાઓ જ એકબીજા સામે પૂરતા પડી રહ્યા છે.’

### આકાશમાં...

હવામાન હોય તો આકાશી ઘટનાઓનું નિરીક્ષણ વધુ સારી રીતે થઈ શકે છે. તેઓએ લોકોને કુદરતના આ અદભૂત નજારાનો આનંદ માણવાની અને બ્રહ્માંડની વિરાટ રચનાનો અનુભવ કરવાની અપીલ કરી હતી.

### હવે કેવી...

જેને પગલે શિક્ષણ સમિતિના ચેરમેન રાજેન્દ્ર કાપડિયાએ સ્થિતિની ગંભીરતા સમજી ત્વરિત કાર્યવાહી હાથ ધરી છે. આ શૈક્ષણિક નુકસાનની ભરપાઈ કરવા માટે 1 ઓગસ્ટે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા રાજ્ય સરકારને પત્ર પાઠવીને તાત્કાલિક ધોરણે 1,01,200 જેટલા નવા પાઠ્યપુસ્તકો પૂરા પાડવા અંગે સત્તાવાર રજૂઆત કરવામાં આવી છે. રાજ્ય સરકારે પણ આ અંગે અસરગ્રસ્ત વિદ્યાર્થીઓનો ડેટા મંગાવીને સહાયની પ્રક્રિયા ઝડપી બનાવી છે. વધુમાં, ઓગસ્ટ મહિના સુધી નવી પ્રવેશ પ્રક્રિયા ચાલુ હોવાથી અને જૂના તમામ વિદ્યાર્થીઓનું શૈક્ષણિક કાર્ય ખોરવાય નહીં તે હેતુથી, આગામી એક અઠવાડિયાની અંદર જ પૂરગ્રસ્ત વિસ્તારના તમામ બાળકોને નવા પુસ્તકો, યુનિફોર્મ, બૂટ-મોજાં સહિતની સંપૂર્ણ શૈક્ષણિક કીટનું પુનઃ વિતરણ કરવાનો તંત્ર દ્વારા નિર્ધાર કરવામાં આવ્યો છે.